# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/233 Dt. 06/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ટેક્ષ્ટાઇલ પર્વનો ત્રીજો દિવસ, ઉદ્યોગ સાહસિકોને સુરતથી વિશ્વમાં ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટની તકો વિષે માર્ગદર્શન અપાયું

**દુબઇ, નેધરલેન્ડ અને સિંગાપુર જેવા દેશો ભારતથી ટેક્ષ્ટાઇલ સહિતનું ઇમ્પોર્ટ કરીને અનુક્રમે દક્ષિણ આફ્રિકા, યુરોપ અને સાઉથ એશિયામાં રિ–એક્ષ્પોર્ટ કરે છે, અહીં સુરતના ઉદ્યોગ સાહસિકોને સુરતથી સીધું જ ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટ કરવાની તકો છે : શ્રી જગત શાહ**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫ઃ૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. બુધવાર, તા. ૩ ડિસેમ્બરે ટેક્ષ્ટાઇલ પર્વના ત્રીજા દિવસે નિષ્ણાંત વકતાઓ તરીકે અમદાવાદના ઇન્ટરનેશનલ બિઝનેસ – એક્ષ્પોર્ટના નિષ્ણાંત શ્રી જગત શાહે સુરતના ઉદ્યોગ સાહસિકોને એક્ષ્પોર્ટની તકો વિષે માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી જગત શાહે જણાવ્યું હતું કે, ૬૦ વર્ષ પહેલા જે દેશોની ઇકોનોમી ભારતની ઇકોમોની કરતા ઘણી પાછળ હતી તેઓ આજે ભારતથી આગળ નીકળી ગયા છે, કારણ કે તેઓની ઇકોનોમી એક્ષ્પોર્ટ બેઇઝડ છે. ભારતની ઇકોનોમી કન્ઝયુમર બેઇઝ છે, પરંતુ હવે ભારતથી એક્ષ્પોર્ટનો આંકડો વધી રહયો છે. ગત વર્ષે ભારતથી વિવિધ દેશોમાં થયેલા એક્ષ્પોર્ટમાં સૌથી હાઇએસ્ટ એક્ષ્પોર્ટ અમેરિકામાં થયું હતું. ડયૂટી લાગ્યા પહેલા ભારતનું અમેરિકામાં કુલ એક્ષ્પોર્ટ ૨૦ ટકા જેટલું હતું.

બીજા નંબરે દુબઇ આવે છે. દુબઇમાં ટેક્ષ્ટાઇલનું પણ એક્ષ્પોર્ટ થાય છે, પરંતુ દુબઇ ભારતથી ટેક્ષ્ટાઇલનું ઇમ્પોર્ટ કરીને દક્ષિણ આફ્રિકામાં રિ–એક્ષ્પોર્ટ કરે છે. ભારતથી સૌથી વધારે ત્રીજા નંબરે નેધરલેન્ડમાં એક્ષ્પોર્ટ થાય છે. નેધરલેન્ડ ભારતથી ટેક્ષ્ટાઇલ સહિતની વસ્તુઓ ઇમ્પોર્ટ કરીને યુરોપમાં રિ–એક્ષ્પોર્ટ કરે છે. એવી જ રીતે સિંગાપુર ભારતથી ઇમ્પોર્ટ કરીને સાઉથ એશિયામાં રિ–એક્ષ્પોર્ટ કરે છે. અહી સુરતના ઉદ્યોગ સાહસિકોને અને એક્ષ્પોર્ટરોને દક્ષિણ આફ્રિકા, નેધરલેન્ડ અને સિંગાપુરમાં એક્ષ્પોર્ટ કરવા માટેની વિપુલ તકો છે.

તેમણે સુરતના ઉદ્યોગ સાહસિકોને જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલમાં કવોલિટી ફેબ્રિકનું મેન્યુફેકચરીંગ તો કરવાનું જ છે પણ તેની સાથે વિશ્વભરમાં ટ્રેડીગ પણ કરવાનું છે. તેમણે એક્ષ્પોર્ટ માટે ઉપયોગી ઇ–કોમર્સ પ્લેટફોર્મ્સની વિસ્તૃત જાણકારી આપી હતી. અમેરિકા સહિત વિશ્વભરના બાયર્સ સાથે કેવી રીતે જોડાઇ શકાય તે અંગે પણ માહિતી આપી હતી. સાથે જ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એક્ષ્પોર્ટમાં કેવી રીતે મદદરૂપ થાય છે તેની પણ તેમણે સમજણ આપી હતી.

શ્રી જગત શાહે જોઇન્ટ વેન્ચરનો કોન્સેપ્ટ સમજાવતા કહયું હતું કે, જોઇન્ટ વેન્ચર મેન્યુફેકચરીંગમાં નહીં પણ માર્કેટીંગ માટેનો કોન્સેપ્ટ છે. આપણી પ્રોડકટનું માર્કેટીંગ કરીને તેને વિશ્વભરમાં એક્ષ્પોર્ટ કરીએ તેમાં જોઇન્ટ વેન્ચર કરવાનું હોય છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગારમેન્ટના એક્ષ્પોર્ટમાં ભારત સરકારની રોડટેપ સ્કીમ અંતર્ગત સબસિડી મળે છે. પીએલઆઇ સ્કીમને કારણે પણ ભારતથી એક્ષ્પોર્ટ વધી રહયો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સમગ્ર સેમિનારનું સંચાલન કરી વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠીયા અને ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. નિષ્ણાંત વકતાએ વ્યવસાયિકો અને એક્ષ્પોર્ટરોના વિવિધ સવાલોના જવાબો આપ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી મનિષ કાપડીયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.